



# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા






માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષ: ૧૬૩ * * * સંવત ૨૦૮૨ અષાઢ સુદ એકમ બુધવાર ૧૫ જુલાઇ, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૨૨૪

પાનાં ૧૪+૧૬ કિંમત ₹ ૫.૦૦


# હોર્મુઝમાં ઈરાની હુમલામાં એક ભારતીય નાવિકનું મોત

## નોર્વેની ટીમનું વર્લ્ડકપમાં હાર્યાનું દુઃખ ચાહકોની મોટી ભીડે ઉજવણીમાં ફેરવ્યું





» ફિફા વર્લ્ડકપની ક્વાર્ટર ફાઇનલમાં શનિવારે ઈંગ્લેન્ડ સામે એક્સ્ટ્રા ટાઇમમાં મળેલા 2-1 થી પરાજય પછી નોર્વેનો ઐતિહાસિક પ્રવાસ સમાપ્ત થયા પછી પરાજયની પીડાથી દુઃખી નોર્વેની ટીમ જ્યારે સોમવારે બપોરના સમયમાં પોતાના વતન પરત ફરી ત્યારે પાટનગર ઓસ્લોની શેરીઓમાં 100,000થી વધુ ચાહકોએ ઉમટીને તેમની ટીમનું ઉષ્માભર્યું સ્વાગત કરીને વર્લ્ડકપમાંથી બહાર નીકળવાની પીડા ભુલાવીને એક વિશાળ રાષ્ટ્રીય ઉજવણીના અનુભવમાં તેને ફેરવી દીધું હતું. રાજધાનીમાં તેમના ઘરે પાછા ફરવાની પરેડ શરૂ કરતા પહેલા નોર્વેની ટીમને પરંપરાગત વોટર કેનન સલામી અપાઇ હતી. સમર્થકોની લાઇન ઝડપથી મહેલના ચોકમાં ભરાઈ ગઈ અને પછી મુખ્ય શેરી, કાર્લ જોહાન્સ ગેટ સુધી ફેલાઈ ગઈ. ટીમે પ્રથમ વખત રાજા હેરાલ્ડ પાંચમા સાથે હાજરી આપી હતી. હજારો ચાહકોનું નેતૃત્વ ક્રાઉન પ્રિન્સ હાકોને ડ્રમ પર હાથ અજમાવીને કર્યું હતું.

**UAE** ના બે તેલ ટેન્કરોને ક્રૂઝ મિસાઈલથી નિશાન બનાવાયા, 10 ઘાયલ

**ઈરાનના** નાયબ રાજદૂતને બોલાવી ભારતે નોંધાવ્યો વિરોધ

**પશ્ચિમ** એશિયાના યુદ્ધમાં અત્યાર સુધી ૧૪ ભારતીયોના મોત

**ભારતે** 24x7 કંટ્રોલ રૂમ સક્રિય કર્યો, ભારતીય નૌકાદળ પણ એલર્ટ

નવી દિલ્હી-દુબઈ, તા. 14 (પીટીઆઈ): હોર્મુઝની સામુદ્રધુનીમાં ઈરાને યુએઈના બે તેલ ટેન્કરો પર કરેલા મિસાઈલ હુમલામાં એક ભારતીય નાવિકનું મોત થયું છે જ્યારે 10 ભારતીયો સહિત અનેક લોકો ઘાયલ થયા છે.

ઘટનાને લઈને ભારતે નવી દિલ્હીમાં ઈરાનના દૂતાવાસના નાયબ વડાને બોલાવીને સખત વિરોધ નોંધાવ્યો છે. આ દરમિયાન પશ્ચિમ એશિયામાં વધતા તણાવને પગલે ભારતે 24 કલાક કંટ્રોલ રૂમ સક્રિય કરી દીધો છે અને ભારતીય નૌકાદળ પણ સતત સ્થિતિ પર નજર રાખી રહ્યું છે.

વિદેશ મંત્રાલયે જણાવ્યું કે ઓમાનના જળવિસ્તારમાંથી પસાર થઈ રહેલા એમટી અલ બાહિયાહ અને એમટી મોમ્બાસા નામના બંને જહાજોમાં કુલ 46 ક્રૂ સભ્યો સવાર હતા જેમાંથી 30 ભારતીય નાવિકો હતા. એમટી અલ બાહિયાહમાં રહેલા 12 ભારતીયોમાંથી એકનું મોત થયું અને એક ઘાયલ થયો હતો, જ્યારે એમટી મોમ્બાસામાં રહેલા 18 ભારતીયોમાંથી 9 ઘાયલ થયા છે, જેમાં 2ની હાલત ગંભીર છે. યુએઈના સંરક્ષણ મંત્રાલયના જણાવ્યા મુજબ બંને જહાજોને ઈરાનની બે ક્રૂઝ મિસાઈલોએ નિશાન બનાવ્યાં હતાં, જેના કારણે આગ ફાટી નીકળી હતી. જોકે બાદમાં આગ પર કાબૂ મેળવી લેવાયો હતો.

ભારતે આ હુમલાને આંતરરાષ્ટ્રીય જળમાર્ગોમાં મુક્ત અને સુરક્ષિત જહાજ વ્યવહાર પર હુમલો ગણાવી

...અનુસંધાન પાના 13 પર

## પર્શિયન ખાડીમાં 148 નાવિકો સાથે 7 ભારતીય જહાજ હાજર

દરમિયાન, બંદરો, જહાજરાણી અને જળમાર્ગ મંત્રાલયે જણાવ્યું કે પર્શિયન ખાડીમાં હાલમાં ભારતીય ધ્વજ ધરાવતા 7 જહાજો કાર્યરત છે, જેમાં 148 ભારતીય નાવિકો સવાર છે. તેમાં 3 કન્ટેનર જહાજ, 1 ક્રૂડ ઓઈલ ટેન્કર, 1 ઓઈલ-કેમિકલ ટેન્કર, 1 બલ્ક કેરિયર અને 1 ડ્રેજરનો સમાવેશ થાય છે. મંત્રાલયે જણાવ્યું કે ભારતીય નૌકાદળ અને અન્ય એજન્સીઓ સાથે મળીને સમગ્ર સ્થિતિ પર સતત નજર રાખવામાં આવી રહી છે તેમજ નાવિકોના પરિવારજનો સાથે સતત સંપર્ક જાળવવામાં આવી રહ્યો છે. 24 કલાક કાર્યરત ડાયરેક્ટોરેટ જનરલ ઓફ શિપિંગનું કંટ્રોલ રૂમ પણ જરૂરી સહાય માટે સક્રિય રાખવામાં આવ્યું છે.




